# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

વરસ્યો પશુ માટે, ચારેકોર પાણી-પાણી,
છલક્યા ડેમ, બે કાંઠે નદીઓ, પાણી-પાણી,
પાણી-પાણી સરકારી સુરક્ષા આયોજનો -
અછત-ખાયકીના સ્વપ્ને ફર્યાં પાણી-પાણી
(પાછાતરો પણ વરસ્યો ખરો!)

## હાઈકુ

પાકિસ્તાનથી
ચર્ચામાં ખોટા ખર્ચા -
કૃષ્ણા-લીલા
(રાસ રમી આવ્યા?)

લેશે વેતન,
કૈ કામ કર્યા વિના -
નિષ્ઠા પતન..
(આપણા સાંસદો)

## ચિંતન

**ધનેન કિં યો ન દદાતિ યાચકે, બલેન કિં યશ્ચ રિપું ન બાધતે ।**
**શ્રુતેન કિં યો ન ચ ધર્મ માચરેત્કિમાત્માના યો ન જિતેન્દ્રિયો ભવેત ॥**

જે યાચકવર્ગ-ભિક્ષુકોને કંઇ આપતો નથી, તેના ધનનું શું - ધનનો શો અર્થ? અર્થાત તેના ધનનું હોવું ન હોવું, સરખું જ છે. જે શત્રુનો નાશ નથી કરી શકતું - શત્રુને દબાવી ન શકે એવા બલિષ્ઠ-બળવાનના બળનો શો અર્થ? જે વિદ્વાન-શાસ્ત્રજ્ઞ-પંડિત છે પણ ધર્મનું આચરણ કરતો નથી, તેના શાસ્ત્રજ્ઞાનનો શું અર્થ? અને જે માણસ શરીરધારી - વિચારવંત અને શક્તિશાળી હોય પણ આત્મા-મનોબળથી અશક્તિ હોય, ઇન્દ્રિયો-વાસનાઓ - વ્યસન પાસે હોય, જિતેન્દ્રીય ન હોય તો એવાનાં આત્મબળનો શું અર્થ?

ધન-સમૃદ્ધિ ઇશ્વરે સંચય માટે નહીં પણ તેના સદુપયોગ માટે આપી છે, જરૂરિયાતમંદને મદદ કરવામાં જ સાચું પુણ્ય છે.

શત્રુઓ અને દુશ્મનો, સમાજના અનિષ્ઠ તત્ત્વોનો ના-શ કરે, કાબુમાં રાખે એ જ સત્તા-શક્તિ-બળ યથાર્થ કહેવાય, બળ-તાકાત હોવા છતાં પણ દુશ્મનો-શત્રુ દબાવી જાય તો એ શક્તિનો શું અર્થ?

ધર્મ-જ્ઞાન સદાચાર માટે છે. નીતિ અને મૂલ્યોને સદાય આચરણમાં મૂકે એ જ જ્ઞાન સાચું બધી જ સમજ હોય છતાં દુરાચરણમાં ડૂબેલાં હોય એ બુદ્ધિનો શું અર્થ?!

## સુવિચાર

- આપત્તિઓ આપણને આત્મજ્ઞાન કરાવીને આપણી શક્તિનો અંદાજ આપે છે - **પં.નહેરૂ**
- તમે ભલેને નિર્મળ અને નિષ્પાપ હો પણ નિંદા તમારો પીછો છોડશે નહીં - **શેક્સપિયર**
- પ્રેમ સ્વર્ગની સીડી અને મુક્તિનો માર્ગ છે - **ટોલ્સટોય**
- જીવનની પ્રત્યેક ક્ષણમાં આનંદ તો છુપાયેલો જ હોય છે તમારે એને શોધી કાઢતાં આવડવો જોઇએ. - **ચાંપશી ઉદ્દેશી**
- કીર્તિ એ એક એવી તરસ છે જે ક્યારેય છિપાતી નથી - **પ્રેમચંદજી**
- આપણે બધા જ કોઇને ખૂશ કરવાની આશા અને પ્રયત્નમાં જ જીવીએ છીએ - **જોન્સન**
- નિરાશાવાદી ધનિક કરતાં આશાવાદી ગરીબ સુખી હોય છે - **હરિભાઉ ઉપાધ્યાય**

## બોધ કથા

ડો. મનમોહનસિંહ પારણામાં પોઢયા ત્યારથી જ એમનાં લક્ષણ પાધરાં હતાં કે બહેનજી જેટલી ચાવી ભરશે, એટલું જ રોબોટ બોલશે, ચાલશે કે ઉઠબેસ કરશે, બહેનજીએ પણ એમને 'કસોટી' કરીને પછી જ બેસાડ્યા હશે ને! રાજાએ સ્પેક્ટ્રમમાં કરોડો ખાધા, શરદ પવાર, મમતા શીંગડાં ભરાવી કામ કઢાવે છે કોલસામાં કરોડો ખવાઇ ગયા, વિશ્વમાં નિષ્ક્રીય વડાપ્રધાન તરીકે બદનામ થયા. રાજીનામું માગે તો પણ, 'નહીં આપું' કહીં આંખ-કાન બંધ રાખી સંસદમાં બેસી રહે. એ વડાપ્રધાન,

..અને લાલબહાદુર શાસ્ત્રી પણ એક વડાપ્રધાન હતા. શાસ્ત્રી પણ એવા વડાપ્રધાન હતા. પંડિત નહેરૂ પછી દેશને એવા સ્વચ્છ સિધ્ધાંતવાદી વડાપ્રધાન આજ સુધી મળ્યા નથી. દેખાવે વામન છતાં વ્યક્તિત્વ વિરાટ હતું. સાદગીના શહેનશાહ હતા.

પંડિત જવાહરલાલ શહેરૂના પ્રધાનમંડળમાં લાલબહાદુર શાસ્ત્રી, રેલ્વે પ્રધાન હતા. ત્યારે દક્ષિણ ભારતમાં એક રેલ્વે અકસ્માત થયો. રેલ્વે પ્રધાન તરીકે તરત એમણે જવાબદારી સ્વીકારી રાજીનામું આપી દીધું!

આજના રેલ્વેપ્રધાનો અકસ્માત થાય તો ફાટકવાળા કે સિગ્નલવાળાને સસ્પેંડ કરી નાખે, જાતે તો અકસ્માત સ્થળની મુલાકાત લેવા પણ જતા નથી!

આજના સત્તા લાલસું વડાપ્રધાન અને પ્રધાનો લોહિયાડ હાથે પકડાય તો પણ 'સાબિત' કયાં થયું છે કહી સત્તા પર ચિટકી બેઠા રહે છે!!

# ચીંથરે વીંટ્યુ ભારતનું છૂપું રત્ન - કૃષિ વૈજ્ઞાનિક અને કર્મયોગી ડો. ઝવેરભાઇ એચ. પટેલ

## વિવેચન

- રમણ વાઘેલા

સાંપ્રત સમયમાં સિધ્ધિ કરતાં પ્રસિધ્ધિને મહત્ત્વની લેખવામાં આવે છે. અને આ કારણે કેટલીક વાર પાત્રતા વિનાની વ્યક્તિઓ આપણને ન કલ્પ્યુ હોય એવું બહુમાન - નામના મેળવી જાય છે. રોજબરોજના પ્રત્યાયનના જુદા જુદા માધ્યમોમાંથી આપણને આ પ્રકારના અસંખ્ય ઉદાહરણો જોવા - વાંચવા મળે છે. ખેર, પ્રસિધ્ધિની ચિંતા - ફિકર કર્યા સિવાય ભારતનું અન્ન ઉત્પન્ન જરૂરિયાત કરતાં વધુ થાય તે માટે એક ખેતી વૈજ્ઞાનિકે કરેલ પ્રદાનની - સંશોધન કાર્યની ગાથા આપણી સમક્ષ પુસ્તક રૂપે બે વર્ષના અથાગ પરિશ્રમ બાદ કરી છે. બે ઈજનેર મહાનુભાવોએ. એમાંના એક છે. ગાંધીનગર સાહિત્ય સભાના પૂર્વ પ્રમુખ બળવંતભાઈ વી. પટેલ અને બીજા છે. સિનિયર સિટીઝન કાઉન્સિલના જયંતિલાલ એસ. મેવાડા.

ભાવનગર જિલ્લાના પાલીતાણા (દેશી રાજય) ના ગારિયાધાર ગામે ૯મી ડિસેમ્બર-૧૯૦૩ ના રોજ જન્મેલ ઝવેરભાઈ પટેલે ૮૬ વર્ષના આયુ દરમિયાન ખેતી વૈજ્ઞાનિક તરીકે પ્રાપ્ત કરેલી સિધ્ધિથી આપણે સહું આટલા વર્ષો સુધી અજાણ રહ્યા, એ આમ તો આપણા રાજય અને આપણા દેશ માટે શરમથી માથું ઝૂકાવવા જેવી બાબત છે! ચીંથરે વીંટ્યા રતનની ઓળખ આ પુસ્તક થકી આપણને આજે ય થાય છે એ આશ્વાસન લેવા પૂરતું સારું કહી શકાય પણ...!! અને આ જ કારણે બળવંતભાઈ વી. પટેલ અને જયંતિલા એસ. મેવાડાને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે!!!

ડૉ. ઝવેરભાઈ એચ. પટેલની સંશોધન ગાથા પુસ્તિકાની પ્રસ્તાવના ડૉ. એમ.વી. રાવ, પ્રેસીડેન્ટ, એગ્રી બાયોટેક ફાઉન્ડેશને નોંધએલ વાત સહુએ વાંચવા - વિચારવા જેવી છે.

"ડૉ. ઝવેરભાઈની સફળતાના મૂળમાં તેમની નિષ્ઠા **(Dedication)**, સખત મહેનત અને સમાજને ઉપયોગી પ્રદાન કરવાની ભાવના હતી. રોપ ઉછેરમાં તેમનો અભિગમ એક નિષ્ઠાથી એવા પાક **(Crop)** માટે હતો. જેમાં પાકનો ઉતાર વધુ હોય, રોપા જુદા જુદા પરિપળોને અનુકૂળ હોય, દાણા સારા લોકો સ્વીકારી લે તેવા હોય, જયારે જયારે હું તેમના પ્રયોગશાળાત્મક ખેતરની મુલાકાતે જતો, ત્યારે ત્યારે હું તેમની સાથે કલાકો ગાળતો, એક મુલાકાત તો હું પ્રેમથી યાદ કરૂં છું. લાંબા પ્રવાસ બાદ રાત્રે અગિયાર વાગે હું ફાર્મ પર પહોચ્યો, તો ડૉકટર ઝવેરભાઈ પેટ્રોમેક્ષના અજવાળામાં પોતાના સાથીદારો સાથે મારી વાટ જોતા ઊભાં હતા. આ હતી તેમની ચારિત્ર્યનિષ્ઠા."

ડૉ. ઝવેરભાઈને 'લોક-૧ ઘઉં' ના સંશોધનમાં મળેલ મોટી સફળતા વિષે ડૉ. એમ.વી. રાવ. વધુમાં કહે છે કે -

"જુદા જુદા પ્રકારના ઘઉંના બીજનાં ઉત્પાદનની તવારીખમાં ડૉ. પટેલ સંશોધિત લોક-૧નું સંશોધન મોટી સફળતા છે અને તેનાથી ઘઉંના ઉત્પાદનની ક્રાંતિને શક્તિ મળે છે. જેને સેન્ટ્રલ ઝોન ગણવામાં આવે છે તે વિસ્તાર - ગુજરાત, મધ્યપ્રદેશ અને પૂર્વીય રાજસ્થાનમાં 'ઑલ ઈન્ડિયા કૉ-ઑર્ડીનેટેડ વ્હીટ ટ્રાયલ્સ' (સમગ્ર ભારતમાં સંકલિત ઘઉં પ્રયોગો) હેઠળ લોક-૧ના ઉત્પાદન પર મેં ત્રણ વર્ષ નિરીક્ષણ કર્યું હતું. લોક-૧ એક જ ઘઉં એવા હતા જે ભારતમાં અપનાવવામાં આવેલ ડવાર્દૂ મેકસીન પ્રકાર સહિત દરેક પ્રકારના બીજની ઉત્પાદન ક્ષમતાને નોંધપાત્ર રીતે **(Significantly)** અતિક્રમી ગયા. ૧૯૭૬માં ખેતી માટે તેને માન્યતા આપી જાહેરાત કરવા બાબતે ચર્ચા વિચારણા સમયે ઘણાએ તેનો ખાસ વિરોધ કરેલ કે ગેરૂ સામે તે પ્રબળ નથી. મેં આ સહુની ચેલેન્જ ઉપાડી લીધી અને બે કલાક સુધી તેના સ્વીકાર અને અધિકૃત રીલીઝ માટે દલીલો કરી.

મારો પ્રસ્તાવ એવો હતો કે લોક-૧નું ઉત્પાદન આટલું મોટું છે તેનો લાભ લેવો જોઈએ અને સાથોસાથ ગેરૂ માટેની પ્રતિકારકતા વધારવા પ્રયોગ કરવા જોઈએ. ગ્રીન રિવોલ્યુશન (હરિયાળી ક્રાંતિ)નાં પિતા અને નૉબલ લ્યોરેટ ડૉકટર નોર્મન ઈ. બાર્લોગ મારી સાથે હાજર હતા અને આ ચર્ચા વિચારણા રસપૂર્વક સાંભળતા હતા. મિટીંગ પુરી થતાં તેમણે મને અને લોક-૧ના સંશોધક (ડૉ. ઝવેરભાઈ પટેલ) ને અભિનંદન આપ્યાં. લોક-૧ના ઘઉં ઉઠાવદાર, મજબૂત **(Hard)**, ચમકદાર, આકર્ષક અને કદમાં એક સરખાં હતા. જુદી જુદી પરિસ્થિતિ (ભૂમિની, હવામાનની વગેરે) માટે તે અનુકૂળ હતા. સાડા ત્રણ દાયકા પૂર્વે લોક-૧ ઘઉંને વાવેતર માટે માન્ય કરી તેની ભલામણ કરવામાં આવી હતી, તોય આજે પણ ખેડૂતો લોક-૧ જ વાવવા ઉપયોગ કરે છે."

ડૉ. ઝવેરભાઈ પટેલના જીવન ધ્યેય વિશે ડૉ. એમ.વી. રાવ અંતે કહે છે : 'ડૉકટર ઝવેરભાઈ, કૈલાસવાસી થયા હોવા છતાં આજે પણ લોક-૧ પ્રકારના ઘઉંના તેમના પ્રદાન માટે તેમને સાદર પ્રેમથી યાદ કરવામાં આવે છે. જીવનમાં કોઈ ધ્યેય હોવું જોઈએ અને તેની સિધ્ધિ માટે સતત લાગ્યા જ રહેવું જોઈએ તો જ સાચું જીવન જીવ્યા કહેવાય. ઝવેરભાઈ આ સૂત્ર નજર સામે રાખીને જીવ્યાં.'

ગુજરાતના સુવિખ્યાત સાહિત્યકાર દર્શકને ઝવેર બાપાનો કૈલાસવાસ થતાં અંજલી આપતાં લખ્યું છે કે "ગુજરાત સરકાર મારા જેવા અધેલાનું સન્માન કરે છે, તેને ગુજરાતના આ દેવતાનું સન્માન કરી કૃતાર્થ થવાનું કેમ ન સૂઝ્યું તેનું દુઃખ મનમાંથી જતું નથી. ઝવેરદાદા તો દેવતા હતા." તો વળી મનસુખ સલ્લા જેવા આચાર્યએ લખ્યું છે કે "ડૉ. ઝવેરભાઈ આધુનિક યુગનાં ઋષિ છે."

સંશોધનગાથામાં આલેખકોએ ડૉ. ઝવેરભાઈ એચ. પટેલની સાલવારી દર્શાવી છે, જેનો અભ્યાસ કરતાં ઘણું બધું પામી શકયા છે. આ રહી સાલવારી :

**૧૯૦૩** - જન્મ ૯ ડિસેમ્બર, (ગારિયાધાર ગામાં)
**૧૯૦૮-૦૯** - પ્રાથમિક શાળામાં પ્રવેશ (ગારિયાધાર)
**૧૯૧૫-૧૬** - પ્રાથમિક શાળાનો અભ્યાસ પૂરો.
- હેરીસ હાઈસ્કૂલ પાલિતાણામાં પ્રવેશ
- અભ્યાસ દરમિયાન વસવાટ, પાલીતાણા ખેડૂતને ત્યાં.
**૧૯૨૩** - મેટ્રીક થયા
- કૉલેજ અભ્યાસ શરૂ, શામળદાસ કૉલેજ ભાવનગરમાં પ્રવેશ.
**૧૯૨૫** - ઈન્ટર સાયન્સ પાસ.
- બી.એસ.સી.ના અભ્યાસ માટે ફર્ગ્યુસન કૉલેજ, પૂનામાં પ્રવેશ.
**૧૯૨૫** - લગ્ન : ૨૬, એપ્રિલ, ૧૯૨૫ - મણીબેન સાથે.
**૧૯૨૭-૨૮** - બી.એસ.સી. થયા, મુંબઈ યુનિવર્સિટી
- એમ.એસ. સી. ના અભ્યાસ માટે ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ, બેંગ્લોરમાં પ્રવેશ.
**૧૯૨૯** - પિતાશ્રી હરસાભાઈનું અવસાન.
**૧૯૩૦** - જર્મની ગયા, કૃષિશાસ્ત્રના અભ્યાસ માટે
**૧૯૩૦** - માતા કુંવરબાનું અવસાન
**૧૯૩૧-૩૨** - કૃષિ વિદ્યાના પી.એચ.ડી. માટે અમેરિકા.
- ઈલિનોઈસ યુનિવર્સિટીમાં પ્રવેશ
- સિગ્મા ઝાઈ સોસાયટીનાં સભ્ય થયા.
**૧૯૩૩** - જૂન માસમાં પીએચ.ડી. થયા.
- અમેરિકાથી ભારત પરત.
- પાલીતાણા રાજયમાં રેવન્યુ અધિકારી તરીકે નિમણૂંક
- ગારિયાધારમાંથી પાલીતાણા જયાં કાયમી વરવાટ શરૂ કર્યો.
**૧૯૪૭** - ભારત સ્વતંત્ર થયું, ૧૫મી ઓગષ્ટ
**૧૯૪૮** - સૌરાષ્ટ્રના દેશી રાજયોનું વિલીનીકરણ અને નવા સૌરાષ્ટ્ર રાજયની રચના
- પાલિતાણા રાજયનું નવીન રચાયેલ સૌરાષ્ટ્ર રાજયમાં વિલીનીકરણ
- સૌરાષ્ટ્ર રાજયના અધિકારી બન્યા, એગ્રીકલ્ચરણ રીસર્ચ ઓફિસર - હેડ ક્વાર્ટર પાલીતાણા
**૧૯૫૧** - જૂનાગઢ બદલી, રીસર્ચ ઓફિસર તરીકે.
**૧૯૫૧-૫૭** - જૂનાગઢના ફાર્મનો વિકાસ કર્યો.
**૧૯૫૫** - બૃહદ મુંબઈ રાજયની રચના જેમાં સૌરાષ્ટ્ર રાજયનું વિલીનીકરણ
- મુંબઈ રાજયના અધિકારી બન્યા.
**૧૯૫૭** - ખેતીવાડી વિભાગના નાયબ નિયામક તરીકે અમદાવાદ બદલી.
**૧૯૫૮-૫૯** - વય અનુસાર સરકારી નોકરીમાંથી નિવૃત્તિ
- વધુ ઉત્પાદન આપે તેવા ઘઉંના બીજના સંશોધનનો પ્રારંભ
**૧૯૫૮-૬૬** - પાલીતાણા અને આજુબાજુના ગામો, પાલીતાણા હાઈસ્કૂલના કમ્પાઉન્ડની વિશાળ ખુલ્લી જમીન, ભૂતડીયા, શિહોરના ખેતરોમાં ઘઉંના નવા બીજ માટે પ્રયોગો.
**૧૯૬૭-૭૩** - લોકભારતી સહોસરામાં પ્રયોગો.
**૧૯૭૩-૭૪** - અમેરિકાનો કૌટુંબિક પ્રવાસ, બે માસ માટે
**૧૯૭૪** - ઘઉંના સંશોધિત બીજ પર અધિકૃત ચકાસણી

(અનુસંધાન પાના નં. ૬ પર)

# બધી જ જાતના ઓક્ટોપસ ઝેર ધરાવતાં હોય છે, જેમાં બ્લ્યુ રીંગ ઓક્ટોપસનું ઝેર માનવ માટે જીવલેણ ગણાય છે

## વન્યસૃષ્ટિ પરિચય
### અદ્ભૂત જીવ - ઑક્ટોપસ

- હેમંત સુથાર

ઓક્ટોપસ **(Octupus)** ગ્રીક શબ્દ છે. તેનો અર્થ થાય છે આઠ પગ વાળો. અંગ્રેજીમાં તેને ડેવિલ ફીશ **(Devil Fish)** તરીકે સરખામણી કરવામાં આવે છે. અષ્ટબાહુ, અષ્ટભૂજા, અષ્ટસૂત્રાંગી, અષ્ટપાદ જેવા તેના નામો તેના પગ કે હાથ જેવા અંગોની સંખ્યાને આધારે અપાયા છે.

દરિયાઇ જળમાં વાસ કરતું આ પ્રાણી મૃદુકાય સમુદાયનાં શીર્ષપાદ **(Cephalopoda)** વર્ગમાં ઓક્ટો પોડા શ્રેણીમાં સ્થાન ધરાવે છે. દરિયાના છીંછરા પાણીવાળા ભાગોમાં, દરિયાના તળિયાના ભાગે, પરવાળાના ખડકોમાં, પ્લેજીક ભાગમાં તે રહેવાનું પસંદ કરે છે.

ઓકટોપસની વિશ્વમાં ૩૦૦ થી વધુ જાતો જોવા મળે છે. તેનું કદ ૨ ઇંચ (૫ સેન્ટીમીટર) થી લઈને ૧૮ ફૂટ (૫.૫ મીટર) સુધીનું હોય છે. તેની ભૂજાઓ તે ૩૦૦ ફૂટ (૯ મીટર) જેટલી ફેલાવી શકે છે, તે એક આશ્ચર્યજનક વાત છે.

તેનું માથું મોટું હોય છે. માથાના ભાગમાં મોઢું... અને બે મોટી આંખો હોય છે, મોઢામાં ચાંચ જેવી રચના હોય છે અને દાંતા જેવી મોઢામાં રચના હોવાથી તેના શિકારને તે ટુકડા કરીને ખાય છે.

માથા પાસેથી ૪ જોડી હાથ એટલે કે આઠ અંગો નીકળે છે. જેના પ્રત્યેકના નીચેના અંદરના ભાગે બે લાઈનમાં ગોળ સકર્સ (ચૂષકો) હોય છે જે સ્પર્શનું મહત્ત્વનું કાર્ય કરે છે. મૃદુકાય આ જીવમાં શરીરના બહારના કે અંદરના ભાગે હાડપિંજર જોવા મળતું નથી. આ કારણે તેનું શરીર ગમે તેવા સાંકડા કે ઓછા ભાગમાંથી તે શરીર સંકોચીને નીકળી શકે છે. 'બેન્થીક હન્ટર' તરીકે ઓળખાતાં ઓક્ટોપસનો ખોરાક કરચલાં, ઝીંગા, પ્રૉન, સીપીયાં, સ્નેલ, માછલાં, કલેમ વગેરેને ખાય છે. મોઢાની લાળની મદદથી શિકારને પેરેલાઈજ નિશ્ચેત કરીને પછી ટુકડા કરીને ખાય છે. ઈલ માછલી તેની દુશ્મન ગણાય છે.

ઑકટોપસ લાંબુ આયુષ્ય ધરાવતાં નથી. છ માસ જેટલું જીવતા ઓકટોપસની જાતિઓ છે. જયારે જાયન્ટ પેસિફીક ઓકટોપસ કે જે બધા જ ઓકટોપસમાં મોટામાં મોટું કદ ધરાવતાં હોય છે તેમનું આયુષ્ય પણ વધુમાં વધુ એટલે કે પાંચ વર્ષ જેટલું હોય છે.

નિશાચર / રાત્રિચર એવા ઓકટોપસ સમુદ્રના તળિયા ભાગે ઢસળાતાં - ઢસળાતાં પગની મદદથી સરકે છે. ફક્ત બે હાથની મદદથી ચાલતાં હોય તે પ્રમાણે પણ તે ચાલે છે. દરિયાના પાણીમાં તરતી વખતે તેનું માથું આગળના ભાગે રાખે છે અને તેના આઠ પગ પાછળના બાગે શંકુ આકારની જેમ રહે છે. તેના મોઢામાંથી પાણીની પિચકારી મારીને તે તરતું જોવા મળી શકે છે.

માદા સાથે સંવનન બાદ થોડા જ સમયમાં નર ઓકટોપસ મૃત્યુ પામે છે. માદા નર સાથેના સંવનન બાદ લાંબા સમય સુધી બીજ જાળવી શકે છે. કેટલીક માદાઓ બે લાખ જેટલાં ઈંડા મુકે છે. ઈંડા મુકયા બાદ માદા કાળજીપૂર્વક ઈંડાનું સેવન કરે છે. બચ્ચાં જન્મ લે એટલે માદા પણ મૃત્યુ પામે છે. નવી પેઢી માતા-પિતા (નર-માદા)નાં જીવનકાળનો અંત આવે છે. ઈંડાના સેવન દરમિયાન માદા એકાદ માસ સુધી ખોરાક લેતી નથી. સમુદ્રના તળિયા ભાગે મુકાયેલા ઈંડા તાંતણા જેવા અંગોથી જોડાયેલા હોય છે.

ઓકટોપસ ઘણી બધી



વિશેષતાઓ ધરાવે છે. જેમાં દુશ્મનથી બચાવ કરવા માટે તે મેલાનીન નામના રંગ દ્રવ્ય યુક્ત કાળી શાહી જેવું પ્રવાહી પાણીમાં છોડીને આસપાસનું પાણી ડોહળું કરી નાંખે છે. આવા સમયે તે દેખાય નહીં તે રીતે સ્થળ પરથી ભાગી જાય છે. જરૂર જણાયે ઓકટોપસ આસપાસના પર્યાવરણ જેવા જ રંગો ધારણ કરીને છદ્મવેશ ધારણ કરીને સંતાઈ જાય છે. કેટલાક ઓકટોપસ તેના શરીરના અંગોને આસપાસના પથ્થરો, પરવાળા કે દરિયાઈ છોડ જેવા જ આકાર કે ભાતવાળા બનાવી શકે છે. ઉપરાંત અન્ય દરિયાઈ જીવો જેવા કે લાયન ફીશ, દરિયાઈ સાપ, ઈલ, જેવા આકાર અને રંગો ધારણ કરીને સ્વબચાવ કરે છે. તેમ છતાં દુશ્મન પ્રાણીથી પકડાઈ જવાનો ભય જણાય તો શરીરનું કોઈ અંગ શરીરથી છૂટું મુકીને ભાગી જાય છે. શરીરથી મુક્ત કરેલ અંગની જગ્યાએ નવું અંગ સર્જન કરવાની શક્તિ પણ કુદરતે ઓકટોપસને આપેલી છે.

બધા જ જાતના ઓકટોપસ ઝેર ધરાવતાં હોય છે. જેમાં બ્લ્યુ રીંગ ઓકટોપસનું ઝેર માનવ માટે જીવલેણ ગણાય છે.

બધા જ અપૃષ્ઠવંશી / કરોડરજ્જૂ વગરના પ્રાણીઓમાં ઓકટોપસ સહુથી વધુ બુધ્ધિશાળી મનાય છે. તેની લાંબા અને ટૂંક ગાળાની યાદશક્તિ સારી હોય છે. વિશ્વ કક્ષાએ વિવિધ લેબોરેટરીઓમાં ઓકટોપસની વર્તણૂક અને સમજશક્તિની જાણકારી માટેનાં સંસોધનો ચાલી રહ્યા છે. જુદા જુદા આકાર અને છાપ/ભાત ઓકટોપસ દ્વારા ઓળખી ઓકટોપસ દ્વારા ઓળખી કાઢવામાં આવે છે. ઓકટોપસ સાધનોની મદદથી કેટલાક કાર્યો પણ કરે છે.


ઓકટોપસની આ વિવિધતાઓના કારણે ઘણાં લોકો તેને પાળે છે. જયારે ગ્રીક, કોરિયા, જાપાન જેવા દેશોમાં તેનો ખોરાકમાં ઉપયોગ કરે છે. કોરિયામાં નાના કદમાં ઓકટોપસ જીવતાં જ ખાવામાં આવે છે.

રંગ બદલતાં, આબેહુબ નકલ કરતાં, શાહી છોડતા, સ્વરક્ષણ કરતાં ઓકટોપસ માનવજાતને વિવિધ ક્ષેત્રોમાં સંશોધન માટે પ્રેરણા રૂપ બની શકે તમે છે.

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

### ૯મી સપ્ટેમ્બર



- લેખક, પત્રકાર, ચિંતક, કેળવણીકાર, કિશોરલાલ મશરૂવાલાની પુણ્યતિથિ. ગાંધી સેવા સંઘના, પ્રમુખ, મહાત્માના અંગત મંત્રી તરીકે ગૌરવપૂર્વક જવાબદારી અદા કરી. જીવનલક્ષી દૃષ્ટિ ધરાવતાં ચિંતકનું અવસાન - ૯-૯-૧૯૫૨.
- ૧૮ દિવસ ચાલેલી મહાત્મા ગાંધી - ઝીણા વચ્ચેની વાટાઘાટાનો પ્રારંભ - ૯-૯-૧૯૪૪.
- ૧૯૧૪ - સાહિણી-મહેર-ત્રણ હજાર લીટીનું કાવ્ય લખનાર કવિ મનુભાઇ હરગોવિંદદાસ દવેનો જન્મદિન.
- ૧૮૮૧ - ગુલામગીરી સામે ઝઝૂમનાર લિંકન - નીજેલ - ગોર્ફલ્ડનો જન્મ.
- ૧૮૯૦ - ગુજરાતમાંથી પ્રથમ પીએચ.ડી. થનારા યશવંરાય ગુલાબભાઇ નાયકનો જન્મ વેગામ - જિ. વલસાડ ખાતે થયો.
- દેશદ્રોહી મુસ્લિમ ગ્રુપએ જયારે વંદે માતરમ્ ગાવાનો વિરોધ કર્યો ત્યારે કલકત્તાના ઉસ્માને પ્રેમનાં તાંતણએ બંધાયેલી હસીના નામની પ્રેમિકાનાં પ્રેમને પર ગણકાર્યા વિના વંદે માતરમ્ ગાવાનું પસંદ કર્યું.

# ગુજરાત દારૂ નિષેધ અધિનિયમ-૧૯૪૯ની જોગવાઇ

## વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી

ગાંધીજીના ગુજરાતમાં દારૂબંધી અમલમાં ૧૯૪૯માં ગુજરાત પ્રોહીબીશન એક્ટથી મુકવામાં આવેલ, રાજયમાં સુખ-શાંતિ અને સલામતી જળવાય તેવા શુભ આશયથી આનો અમલ શરૂ કરવામાં આવેલ, જેમાં ૧૯૬૦માં સુધારા કરવામાં આવ્યા. અને 'નશાબંધી' ખાતુ અલગથી રચના કરવામાં આવ્યું. અને નશાબંધી અધિકારીમાં કમિશ્નર, કલેક્ટરની નિયુક્તિ કરવામાં આવી. દારૂબંધીના અમલ માટે તેમાં વપરાતી વસ્તુઓનાં ખરીદ-વેચાઇમાં પણ પ્રતિબંધ મુકવામાં આવ્યો, જેવા કે સડેલી ખસખસ, અફીણનાં ડોડા. પાપવેટ, સોફ્ની ફ્રમ, જીંડવા, સડેલો ગોળ, બેલપામ, તાડી, હાઇડ્રોકલોરીક એસિડ, સલ્ફર ડાયોક્સાઇડ, સ્પિરીટ, વિગેરેને પ્રતિકાત્મક વસ્તુમાં સામેલ કરી દવાના પરમીટ સિવાય વેચવું, વાપરવું, દારૂ બનાવવાના કાચા માલ તરીકે ઉયોગમાં લેવા પ્રતિબંધ ફરમાવેલ છે.

પાોલીસખાતાના અધિકારીઓને કાયદાની કલમ-૬ મુજબ અલગથી સત્તા સોંપી દારૂબંધીના અમલ માટે આદેશ જારી કરાયા છે.

રાજય સરકારના નિયંત્રણ હેઠળ નશાબંધી અધિકારી તથા બીજા અધિકારી ઉપર નિયામકનું નિયંત્રક ક-૧૦ મુજબ સત્તા આપવામાં આવેલ છે. જે મુજબ દારૂ બનાવવો, દારૂની ભઠ્ઠી ચલાવવી, દારૂ આયાત કરવો નહી, દારૂ બનાવવાનો સાધનો, સામગ્રી રાખવી નહીં, જેવા પ્રતિબંધો મુકવામાં આવેલ છે. ભાંગ-ગાંજા અફીણ ડોડવાનું વાવેતર કરવું નહીં. તેમજ જથ્થો વગર પરમિટે રાખવા ઉપર નિયંત્રણ મુકવામાં આવેલ છે. કોઇ પણ મકાનનો દારૂના પીઠા તરીકે ઉપયોગ કરવા ઉપર ક-૨૨ મુજબ નિયંત્રણ મુકવામાં આવેલ છે.

દારૂ વેચાણ માટે કલમ-૩૪ મુજબ વેચનાર તરીકેનો પરવાનો (લાયસન્સ) આપવામાં આવે છે. પરવાનેદાર પાસે વિદેશી દારૂનો જથ્થો, દુકાનમાં વેચાણ માટે મંજુરી અપાયેલ હોય તે નિયમો મુજબ રાખી શકશે તેમજ લાયસન્સના નિયમો મુજબ વખારમાં પરમીટ જેટલો જ જથ્થો રાખવાનો હોય છે. તે સિવાયનો વધારાનો જથ્થો હોટલ, ઘર, રેસ્ટોરન્ટ, વખારમાંથી મળી આવે તો ગુનો બને છે. તેમજ આવો જથ્થો, પરમીટ મેળવનાર ધરાવનાર વ્યક્તિને જ પરમીટ મુજબનો જ જથ્થો વેચાણ કરી શકે છે. જેનો હિસાબ રાજય સરકારને દર માસે આપવાનો રહે છે. વિમાન, વહાણવટામાં પીરસનાર દારૂ માટે અલગથી લાયસન્સ મેળવવું પડે છે. જે કલમ ૩૮, ૩૯, ૪૧ મુજબ શરતો આધિન આપવામાં આવે છે.

ટેમ્પરરી, રેસિડન્ટ પરમિટ કલમ-૪૦ મુજબ વિદેશથી ગુજરાતમાં આવેલ વ્યક્તિને વિઝાનાં નિયમ મુજબ રોકામ દરમિયાન તેટલા સમય માટે આપવામાં આવે છે. ગુજરાત સરકારે આકસ્મિક પ્રસંગો માટે ઔધોગિક, કોન્ફરન્સ માટે વિદેશથી આવતા મહેમાનો માટે કલમ-૪૦ બી મુજબ, ટેમ્પરરી લાયસન્સ ઇશ્યુ કરવાની નીતિ ટુરીઝમ અને ઉધોગના વિકાસ માટે અલગથી બનાવેલ છે.

તાજેતરમાં રેવ પાર્ટી, જંગલ દંગલ પાર્ટી, ફ્રેશ પાર્ટીના નામે, ટીનએજનાં યુવક-યુવતીઓ દ્વારા દારૂબંધીનો ભંગ થતા પોલીસ દ્વારા અટકાયત કરી કાયદેસર પગલાં ભરેલ, અને સમાજમાં દાખલો બેસે તેવી યોગ્ય સજા કોર્ટ દ્વારા કરવામાં આવે છે. તેમ છતાં આધુનિકતા, દેખાદેખી, ગ્લેમર વર્લ્ડની મોહજાળમાં, બીજાથી અલગ દેખાવાના પ્રયત્નોમાં યુવાધન નશાના રવાડે ચઢે છે, જેમાં સમાજના આબરૂદાર પરિવારોના સંતાનો ભોગ બને છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)